મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૫૪ ટકા
ગાંધીનગર તાપમાન

સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કૂલના 'લર્નો-ફેસ્ટ કાર્નિવલ'નો પ્રારંભ

ગાંધીનગરના કુડાસણ વિસ્તાર સ્થિત સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે આજે પૂ. મૂર્તિસ્વામીના હસ્તે 'લર્નો ફેસ્ટ કાર્નિવલ'નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. 'લર્નો ફેસ્ટ કાર્નિવલ'માં શાળાના વિદ્યાર્થીઓએ છેલ્લા દોઢેક માસથી અથાગ મહેનતના અંતે વિવિધ વિષયે ખૂબ જ રોચક અને નયનરમ્ય મોડેલ્સ તૈયાર કર્યા છે. આશરે ૪૦થી વધુ ખંડોમાં વિસ્તારિત આ કાર્નિવલ પ્રદર્શનમાં બાળકોએ તૈયાર કરેલ સ્માર્ટ સીટી, મોડેલ ઓફ ટ્રેન, એનીમલ વર્લ્ડ અન્ડર ધ સી, મેગા કોમ્પ્યુટર, લર્નિંગ થ્રુ મેથ્સ સહિત વિવિધ વિષય આધારિત પ્રોજેકટસ નિહાળીને મુલાકાતીઓ અભિભૂત થઈ રહ્યા છે. લર્નો ફેસ્ટ કાર્નિવલમાં આ સાથે ફન વર્લ્ડ, ફૂડ કોર્ટ, મેગા કાઈટ ફલાઈંગ સહિત કલા સંગીત અને સાહિત્ય આધારિત કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે. તમામ શહેરીજનો માટે બપોરે ૩થી સાંજના ૭ વાગ્યા સુધી વિના મૂલ્યે ખુલ્લા લર્નો ફેસ્ટ કાર્નિવલનું રવિવારે સમાપન કરાશે.

શહેરમાં મેરી આવાઝ સુનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

શ્રી મનોરંજન મ્યુઝીકલ સ્ટુડીયો આયોજીત મેરી આવાઝ સુનો (કરાઓકે- કલબ) દ્વારા સ્વ. મો.રફી ની ૯૪મી જન્મજયંતિ નિમિતે જુના સદાબહાર હિન્દી ગીતોનો કાર્યક્રમ તા. ૨૪ ડિસેમ્બરને સોમવારના રોજ રાત્રે ૮ કલાકે આંબેડકર હોલ ખાતે સેકટર-૧૨ ખાતે યોજાશે. જેમાં સંગીત રસિયાઓને પધારવા માટે હાર્દિક અનુરોધ કર્યો છે.

ગાંધીનગર, તા.૨૨

ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત મહાદેવભાઈ દેસાઈ મહાવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજનાના ગ્રામ શિબિર કાર્યક્રમમાં રૂપાલ ખાતે સ્વચ્છતા રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના નિષ્ણાંત ભરત હડિયા દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થી ભાઈઓ બહેનો તેમજ પ્રાધ્યાપકોને સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ રેલીનું પ્રસ્થાન વરદાયીની માતાના મંદિરથી કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા અને સ્વચ્છતા સંબંધિત નારાઓ અને સૂત્રો સાથે ગ્રામજનોમાં સ્વચ્છતાનો સંદેશ પહોંચાડયો હતો.

શહેરની ફાજલ જમીન ખેડુતોને પરત આપવા રાજધાની કિસાન મંડળની માંગ

ગાંધીનગર, તા. ૨૨

રાજયના પાટનગરના નિર્માણ માટે ગાંધીનગરની આસપાસ વિસ્તારના ૧૪ ગામની જમીન સંપાદન કરવામાં આવી હતી. ત્યારે રાજય સરકાર દ્વારા ખેડુતોની સંપાદન કરેલી ફાજલ જમીન હેતુભંગ કરી સરકાર દ્વારા આડેધડ કંપનીઓ, સંસ્થાઓને ફાળવણી કરવામાં આવતા અસરગ્રસ્ત ખેડુતોમાં રોષ ફેલાયો છે.

રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળના જણાવ્યા મુજબ રાજધાનીનું નિર્માણ કરવા માટે સરકાર દ્વારા ૧૪ ગામોની ફળદ્રુપ જમીન પાણીના ભાવે નજીવી કિંમત ચુકવી લઈ લેવામાં આવી છે. જેમાં કેટલાક ખેડુતોને વળતર તેમજ મળવાપાત્ર લાભોથી પણ ખેડુતો વંચિત રહેવા પામ્યા છે. અસરગ્રસ્ત ખેડુતોના પ્રશ્નો અંગે વારંવાર રજુઆત કરવા છતા સરકાર દ્વારા હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. અસરગ્રસ્ત ખેડુતોની સાથે ચર્ચા માટે નાયબ મુખ્યમંત્રી પાસે સમય માંગ્યો છે છતાય આપતા નથી તેવો આક્ષેપ ખેડુતો કરી રહ્યા છે. ત્યારે અસરગ્રસ્ત ખેડુતો પોતાના પરિવાર સાથે સચિવાલયમાં પ્રવેશ કરતા અચકાશે નહી. ગાંધીનગર શહેરમાં ઘણી ફાજલ જમીન પડી છે. આ પ્રકારની ફાજલ જગ્યા પર દબાણો વધી ગયા છે. તેના સ્થાને ખેડુતોને પરત કરવી જોઈએ. પરંતુ ખેડુતોને જમીન નહી આપીને રાજય સરકાર હેતુભંગ કરીને ઉદ્યોગપતિઓ, વિવિધ કંપનીઓ, સંસ્થાઓને લ્હાણી કરે છે જેને પગલે અસરગ્રસ્ત ખેડુતોનો સખ્ત વિરોધ છે. ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા કોલવડા ગામની સીમમાં ફાજલ જમીન પર ઝુંપડા ધારકો માટે રહેણાંક વિસ્તાર ઉભો કરાશે તો ખેડુતો સરકારી કાર્યક્રમનો વિરોધ કરી કાળા વાવટા ફરકાવશે તેવી ચિમકી પણ ઉચ્ચારી છે.

ચિલોડા પોલીસ સ્ટેશનના ગુનામાં ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

દારૂના કેસનો આરોપી ત્રણ વર્ષથી પોલીસને હાથ લાગતો ન હતો : એસીબીની ટીમે પકડી પાડયો

ગાંધીનગર, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના ભિલોડા પાસેના એક ગામમાં રહેતો અને ચિલોડા પોલીસ સ્ટેશનના ગુનામાં ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપી ગાંધીનગર નજીક ચરેડી છાપરા પાસે આવ્યો હોવાની બાતમીના આધારે ગાંધીનગર એલસીબીની ટીમે તેને દબોચી લીધો છે. ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપી ચિલોડા પોલીસ મથકના દારૂના કેસમાં સંડોવાયેલો છે. એલસીબીની ટીમે તેની અટકાયત કરીને ચિલોડા પોલીસને સોંપવા કવાયત શરૂ કરી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાની સુચનાથી જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા એલસીબીની ટીમો સક્રિય છે ત્યારે ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની ટીમો જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં પેટ્રોલિંગ હાથ ધર્યું છે. ગઈ કાલે હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહને બાતમી મળી હતી કે ચિલોડા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં નાસતો ફરતો આરોપી ચરેડી છાપરા પાસે ઉભો છે. આ ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે ચરેડી છાપરા જઈને છાપરા નજીક રેલવે ફાટક પાસેથી નાસતા ફરતા આરોપી રાહુલ રતિલાલ ભગારો (રહે- ધોળવાણી, ભગોરા ફળીયા, ભીલોડા, અરવલ્લી)ને ઝડપી પાડ્યો હતો. આ આરોપી સામે વર્ષ ૨૦૧૫માં ચિલોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનનો ગુનો નોંધાયો હતો. ત્યારથી આ આરોપી નાસતો ફરતો હતો. તેને પકડીને કાયદેસરની કાર્યવાહી કરી આરોપીને ચિલોડા પોલીસને સોંપવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સે-૭ના ગાર્ડનમાં શૌચાયલ ઉભુ કરવા માંગ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના મોટાભાગના બગીચા સુધારીને તંત્ર દ્વારા ખુબ જ સુંદર અને આધુનિક બનાવવામાં આવ્યા છે. આ ગાર્ડનમાં બાળકો માટે રમત-ગમતના સાધનો તેમજ વડીલો માટે વિવિધ કસરતના સાધનો મુકવામાં આવ્યા છે. નાના બાળકો પરિવાર સાથે તેમજ વડીલો રોજ બગીચાનો ઉપયોગ કરે છે તે આવકારદાયક છે. ત્યારે સે-૭ ના ગાર્ડનમાં પીવાના પાણીની કે શૌચાલયની કોઈ જ વ્યવસ્થા ના હોવાથી મુલાકાતીઓ પરેશાન થઈ ઉઠ્યા છે. ત્યારે સ્થાનિક નાગરીકો બગીચાનો લાભ લેતા હોવાથી તંત્ર દ્વારા શૌચાલય બનાવવામાં આવે તેવી સ્થાનિક નાગરીકોની માંગ છે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સેકટર-૭ શોંપીગ સેન્ટરની સામે સુંદર બગીચો તૈયાર કરાયો છે. આ બગીચો નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. રોજ સાંજના સુમારે નગરજનો આ બગીચાની મુલાકાત સહપરિવાર સાથે લેતા હોય છે. ત્યારે તંત્ર દ્વારા બગીચામાં પીવાના પાણીની કે શૌચાલયની કોઈ વ્યવસ્થા કરાઈ નથી, જેથી સામાન્ય નાગરીકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ સુવિધા પુરી પાડવા માટે તંત્રને ધ્યાન બહાર ગયું છે કે આવી સગવડતા ની કોઈ આવશ્કયતા નથી તેવું વિચારીને બાકી રાખવામાં આવ્યું છે. બગીચામાં આવતા નાગરીકોમાં ખાસ કરીને નાના બાળકો તેમજ વડીલોને પ્રાથમિક સુવિધાઓની ખુબ જ જરૂરીયાતો રહેતી હોય છે. અને તેઓને અવારનવાર તકલીફો રહેતી હોય છે. ત્યારે સેકટર-૭ ના બગીચામાં તંત્ર દ્વારા પીવાના પાણીની તેમજ શૌચાલયની પ્રાથમિક સુવિધા ઉભી કરવામાં આવે તેવી લેખિત રજુઆત સેકટર-૭ ના સિનિયર સિટીઝન વડીલો દ્વારા મહાનગર પાલિકાના મેયરને કરવામાં આવી છે. તેમજ આ અંગે યોગ્ય નિર્ણય લઈ તાત્કાલીક ધોરણે શૌચાલય અને પીવાના પાણીની સુવિધા ઉભી કરવામાં આવે તેવી વડીલોની લાગણી અને માંગણી છે.

કૃષિ યુનિવર્સિટીના રોજમદારોના પ્રશ્ને દલિત સેનાના ધરણાં યોજાશે

ગાંધીનગર, તા.૨૨

બનાસકાંઠાના દાંતીવાડા ખાતેની સરદાર કૃષિ યુનિવર્સિટી દ્વારા ચાર જિલ્લાઓમાં રોજમદાર શ્રમયોગી કર્મચારીઓને કાયમી કરવા ગુજરાત પ્રદેશ દલિત સેના દ્વારા તા. ૨૭મી ડિસેમ્બરના રોજ પાલનપુર કલેકટર કચેરી ખાતે ધરણાં પ્રદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં દલિત શ્રમયોગી રોજમદારોને કાયમી કરવા ઉપરાંત સરકારી લાભો આપવા માંગ કરાશે. કાર્યક્રમમાં દલિત સેનાના પ્રદેશ પ્રમુખ ડાહ્યાભાઈ પરમાર સહિત પદાધિકારીઓ, જિલ્લા હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં કાર્યકરો જોડાશે.

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર અને સદભાવ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે શ્રમિકોને ગરમ ધાબળા વિતરણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન તથા સદભાવ ટ્રસ્ટ સે-૨ના સંયુકત ઉપક્રમે હાલમાં શિયાળાની કડકડતી ઠંડીમાં ફૂટપાથ પર બસ સ્ટોપમાં સૂતેલા શ્રમિકોને હૂંફ મળી રહે તે માટે ૧૦૦ ધાબળાને વિતરણ કરવાનો કાર્યક્રમ તા. ૨૦મી ડિસેમ્બરના રોજ સવારે સવારે ૩.૩૦ થી ૫ વાગ્યા દરમિયાન યોજાયો હતો.

ઘ રોડની બંને બાજુએ ફૂટપાથ પર, બસ સ્ટેન્ડમાં તથા સે-૬ શોપીંગ સામે ઘ રોડ પાસે, વન ખાતાની ફેન્સીંગ કરેલ જગ્યામાં જમીન પર સૂતેલા શ્રમિકોને કુટુંબના સભ્યોને તેમને ઊંઘમાંથી જગાડયા સિવાય જાયન્ટસ ગ્રુપના યુનિટ ડાયરેકટર બી.એમ. પટેલ તથા સદભાવ ટ્રસ્ટના ટ્રસ્ટી જાયન્ટસ ગ્રુપના પ્રેસીડેન્ટ વસંતભાઈ પટેલ, ડી.એ. વિકેશ પટેલ તથા સદભાવ ટ્રસ્ટના પ્રમુખ તથા જાયન્ટસ ગ્રુપના પાસ્ટ પ્રેસીડેન્ટ સાંકાભાઈ પટેલ, સદભાવ ટ્રસ્ટના મંત્રી તથા જાયન્ટસ પાસ્ટ પ્રેસીડેન્ટ નટુભાઈ આર. પટેલ તથા જાયન્ટસ ગ્રુપના મેમ્બર ગીરીશ પટેલ, પીંકલ પટેલ, નવિન પટેલ વિગેરેએ હાજરી આપી હતી તેવું જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન ફેડરેશન-૩-સીના યુનિટ ડાયરેકટર બી.એમ. પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

આજે શહેરમાં રસોઈ શોંમાં વિસરાતી વાનગીઓની સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના જયોતિ મહિલા મંડળ દ્વારા તા. ૨૩મી ડિસેમ્બર રવિવારે સેકટર-૨૩માં કડી કેમ્પસ સ્થિત શેઠ ખીમજી વિસરામ હોલમાં બપોરે ૨ કલાકે રસોઈ શોં તથા વિસરાતી વાગની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે રસોઈ શોંમાં જાણીતા રસોઈ નિષ્ણાંત હીના ગૌતમ અને ગીતા ખુમાણ લાઈવ રસોઈ શોં પ્રસ્તુત કરશે તેમજ શહેરના જાણીતા નાટયકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'અંતરે અનંત એકાંત'નું મંચન કરાશે.

ભારતીય સંસ્કૃતિમાં એકથી એક ચઢિયાતી રસોઈ જે સ્વાદ સાથે સ્વાસ્થ્ય પ્રદાન કરે તેવી જોવા મળે છે જેમાંથી અનેક વાનગીઓ આજના યુગમાં વિસરાતી જઈ રહી છે. પાશ્ચાત્ય વાનગીઓ અને જંક ફુડના યુગમાં શહેરની જયોતિ મહિલા મંડળ દ્વારા આવી પરંપરાગત વાનગીઓને વિસરાતી અટકાવવા અનોખો પ્રયાસ હાથ ધરાયો છે. આ પ્રયાસ અંતર્ગત રસોઈ શો અને વિસરાતી વાનગીઓની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું ઉદઘાટન ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનર રતનકુંવરબા ગઢવીના હસ્તે યોજાશે. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ કેન્દ્રના સંચાલિકા પૂ. કૈલાશદીદી મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનો લાભ લેવા શહેરની મહીલાઓને તથા સ્વાદ રસિકોને જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચ તથા સેક્રેટરી હર્ષાબા ધાંધલે જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

પ્રેમ લગ્ન કરી લેનાર રિક્ષા ડ્રાઈવર ઉપર જાહેરમાં જીવલેણ હુમલો

ઘ-૫ પાસે ઓપન એર થિયેટર નજીક ઉભેલા પ્રેમી રિક્ષા ડ્રાઈવરને ધોકા અને પાઈપોથી ફટકારી યુવતીના ભાઈઓ ફરાર

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સેક્ટર-૨૪ ખાતે રહેતા રિક્ષાચાલક યુવાને પડોશમાં રહેતી તેની પ્રેમિકા સાથે પ્રેમ લગ્ન કરી લેતા પ્રેમી યુવક ઉપર ગઈકાલે સાંજે જીવલેણ હુમલો થયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. પ્રેમ લગ્ન કરી લેનાર રિક્ષાચાલક યુવાન ગઈકાલે રિક્ષા લઈને ઘ-૫ પાસે ઓપન એર થિયેટર નજીક ઉભો હતો ત્યારે યુવતીના ભાઈઓ આવ્યા અને લાકડી અને પાઈપ વડે હુમલો કરીને હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. લોહીલુહાણ હાલતમાં રીક્ષા ચાલક યુવાનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો. પ્રેમી રિક્ષાચાલકની ફરિયાદને આધારે સેક્ટર-૨૧ પોલીસે ચાર હુમલાખોર સામે ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ સે-૨૪ ઈન્દિરા છાપરામાં રહેતા ૨૪ વર્ષિય દરશથ બાબુભાઈ રાવળે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેના પર ગઈ કાલે જાહેરમાં જીવલેણ હુમલો થયો હતો. પડોશમાં રહેતી શિતલ રાવલ સાથે તેને બે-ત્રણ વર્ષથી પ્રેમ સંબંધ છે. સવા વર્ષ પહેલાં તેણે શિતલ સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. દશરથે આપેલી ફરિયાદ પ્રમાણે આ લગ્ન શિતલની માતાને મંજૂર હતા પરંતુ તેના બે ભાઈઓ રોનક ઉર્ફે અટ્ટો અને કિરણને મંજૂર ન હતા. આ મામલે દશરથ અને યુવતીના ભાઈઓ વચ્ચે ઘણી વાર ઝઘડા થતા હતા. દરમિયાન ગઈ કાલે રાત્રે પોણા દસ વાગ્યે દરશથ પોતાની રીક્ષા લઈને સેક્ટર-૧૬ ઓપન થિયેટરની સામે ઉભો હતો ત્યારે પ્રેમિકા શિતલાના ભાઈઓ અને બીજા બે સાગરિતો ત્યાં આવ્યા હતા. આ શખ્સોએ મળીને દશરથને રીક્ષામાંથી બહાર ખેંચીને બિભત્સ ગાળો બોલવા લાગ્યા હતા અને લાકડી-પાઈપ વડે માર મારવા લાગ્યા હતા. આ જીવલેણ હુમલામાં દશરથને માથા અને આંખના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને લોહીલુહાણ હાલતમાં ગાંધીનગર સિવિલમાં સારવાર માટે ખસેડાયો છે. ઈજાગ્રસ્ત દશરથને મોઢા પર ફ્રેક્ચર થયું અને માથાના ભાગે ૨૦ જેટલા ટાંકા આવ્યા છે. દશરથની ફરિયાદને આધારે સેક્ટર-૨૧ પોલીસે યુવતીના બંને ભાઈઓ તથા તેના અન્ય બે હુમલાખોર સાગરિતો વિરૂદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમસ્ત રાજપૂત મહિલા સમાજ સંગઠન સેક્ટર-૧૨ ગાંધીનગર દ્વારા સિવિલના દર્દીઓને ફળ વિતરણ કાર્યક્રમ સેવા અને માનવધર્મ ની સુવાસ ફેલાવવાના સંદેશ સાથે ગાંધીનગર રાજપુત સમાજના મહિલા સંગઠન દ્વારા આજે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના દર્દીઓને ફળ વિતરણ કરવામાં આવ્યા હતા. સમાજના પ્રમુખ બીનાબા રાણા અને મહિલા આગેવાનોના હસ્તે મોસંબી અને કેળાનું દાન અર્પણ કરી સમાજસેવાની ભાવનાને ઉજાગર કરી હતી. કાર્યક્રમમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, ગાંધીનગરના પ્રેસિડેન્સ્ટ ડૉ. ચૌહાણ સાહેબ તથા ડો. કલ્પેશ પણ જોડાયા હતા. રાજપુત સમાજની મહિલા આગેવાનશ્રીઓ દર્દીઓને ખાટલે ખાટલે મુલાકાત લઈને ખબરઅંતર પૂછીને ફળ આપ્યા હતા.

બ્રહ્માકુમારીઝ દ્વારા ૨૬ થી ૨૮ ડિસેમ્બર દરમ્યાન માઈન્ડ રિપ્રોગ્રામિંગ એક્સપર્ટ તથા લાઈફ એન્ડ બિઝનેસ સ્ટ્રેટેજીસ્ટ વિષય પર પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા.૨૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર દ્વારા જાણીતા માઈન્ડ રિપ્રોગ્રામિંગ એક્સપર્ટ તથા લાઈફ એન્ડ બિઝનેસ સ્ટ્રેટેજીસ્ટ ટેલિવિઝન પર્સનાલીટી ચિન્મય જોષીના પ્રવચનોનું આગામી ૨૬ થી ૨૮ ડિસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન ઠેર ઠેર આયોજન કરવામાં આવેલ છે.

ચિન્મય જોષી એક જાણીતા માઈન્ડ રિપ્રોગ્રામિંગ એક્સપર્ટ તથા લાઈફ એન્ડ બિઝનેસ સ્ટ્રેટેજીસ્ટ ટેલિવિઝન પર્સનાલીટી ઉપરાંત ઓસ્ટ્રેલિયાના સીડનીમાંથી લાયસન્સ ધારક કોમર્શિયલ પાયલોટ પણ છે. તેઓ બ્રહ્માકુમારીઝની પીસ ઓફ માઈન્ડ ચેનલમાં લીડરશીપ, બિઝનેસ કોમ્યુનિકેશન એન્ડ ઓવરવિંગ ફેલ્યોર માટેના ૧૦૦થી પણ વધુ એપિસોડમાં આવેલ છે. છેલ્લા આઠ વર્ષથી તેમણે ભારત, ઓસ્ટ્રેલિયા અને દુબઈમાં કોર્પોરેટ એક્ઝિક્યુટિવ્સ, ડૉકટર્સ, આર્મી અધિકારીઓ અને વિદ્યાર્થીઓ ને વિભિન્ન તાલીમ આપેલ છે. તેમની એ દૃઢ માન્યતા છે કે, દરેક વ્યકિત પોતાની માનસિક મજબૂતાઈ ઉજાગર કરી સુસંગત સરળ સફળ વ્યૂહરચનાઓ થકી જીવનાં મહાનતા પ્રાપ્ત કરી શકે છે.

ગાંધીનગરમાં તેમના પ્રવચનો (૧) ૨૬ ડિસેમ્બર બુધવારે સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ એસ.આર.પી.એફ. સેકટર-૨૭ માં અને બપોરે ૧૨.૦૦ થી ૧.૧૫ ચિલ્ડ્રન યુનિવર્સીટી સેકટર-૨૦માં, (૨) ૨૭ ડિસેમ્બર, ગુરુવારે સવારે ૧૧.૩૦ થી ૧૨.૩૦ ઉદયભાણસિંહજી તાલીમ ઈન્સ્ટિટ્યુટ સેકટર-૩૦માં અને સાંજે ૪.૦૦ થી ૬.૦૦ જી.આઈ.ડી.સી. સેકટર-૨૮ના હૉલમાં તથા (૩) ૨૮ ડિસેમ્બર, શુક્રવારે સાંજે ૩.૦૦ થી ૫.૦૦ કલ્પતરુ પાવર ટ્રાન્મિશન સેકટર-૨૫માં અને કડી નર્સિંગ કોલેજ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં અને રાત્રે ૭.૩૦ થી ૯.૦૦ બ્રહ્માકુમારીઝ શિવશકિત ભવન સેકટર-૨૮ ગાંધીનગર ખાતે જાહેર જાનતા માટે પ્રવચનો રાખવામાં આવેલ છે.

માઈન્ડ રિપ્રોગ્રામિંગ એક્સપર્ટ તથા લાઈફ એન્ડ બિઝનેસ સ્ટ્રેટેજીસ્ટ ટેલિવિઝન પર્સનાલીટી શ્રી ચિન્મય જોષીના ગાંધીનગરમાં સાવ સહજ રીતે પ્રાપ્ત તાલીમ સહ પ્રવચનોનો અચૂક લાભ લેવા આદરણિય કૈલાશદીદીજીએ સૌને હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.